# 3 રમકડાંની સભા

**ચર્ચાના મુદ્દા :**

❀ તમે શાળાએથી ઘેર જઈને શું શું કરો છો ? ❀ સાંજે કઈ કઈ રમતો રમો છો ?
❀ ટી.વી.માં કયા કાર્યક્રમ જુઓ છો ? ❀ તમને કમ્પ્યૂટરમાં શું કરવું ગમે છે ?

આજ કાલ બાળકો ઘરની બહાર ખુલ્લા મેદાનમાં રમાય એવી રમતો રમતા નથી. એના બદલે ઘરમાં બેસીને વીડિયો ગેમ રમ્યા કરે છે, તેથી બાળકોનાં રમકડાં પણ ઉદાસ છે.

(પપ્પુ અને ટીકુએ શાળાએથી આવીને દફતર ટેબલ પર મૂક્યું)


મમ્મી


ટીકુ


પપ્પુ

 — મમ્મી, બહુ ભૂખ લાગી છે.

 — બેટા, નાસ્તો તૈયાર જ છે, જલદી હાથ પગ ધોઈ અને કપડાં બદલી લો.

 — અરે વાહ ! બટાકાપૌંઆ, મને બહુ ભાવે છે. બંને જણે નાસ્તો કરી લીધો.

ટીકુએ વાસણ ચોકડીમાં મૂક્યા અને પપ્પુએ ટેબલ સાફ કરી દીધું પછી બંને ગૃહકાર્ય કરવા બેસે છે.

(ઓરડાના એક ખૂણામાં રમકડાંનું બાસ્કેટ પડયું છે. થોડી થોડી વારે બાસ્કેટમાં રહેલા રમકડાં બાસ્કેટમાંથી મોં બહાર કાઢીને જુએ છે...)

 — હવે, ટીકુ અને પપ્પુ આપણી સાથે રમશે.

## ભાષાજ્ઞાન

1. ને, ની, માં, ના વગેરેમાંથી યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂ

(૧) ઓરડા ……ના…… ખૂણામાં રમકડાંનું બાસ્કેટ પડ્યું હતું.

(૨) એમના મગજ ……ને…… કસરત થશે.

(૩) રાત્રે જમી ……ને…… તેઓ સૂઈ ગયા.

2. શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી વાક્યો ફરીથી લખો.

(૧) કોઈ નથી અમારી જોડે રમતું.

…… અમારી …… જોડે ……

કોઈ …… રમતું …… નથી. ……………………………………

(૨) રમકડાં છે પણ ઉદાસ.

…… રમકડાં …… પણ …… ઉદાસ …… છે. ……………………………

(૩) મારી ગઈ છે હવા નીકળી તો.

…… મારી …… તો …… હવા …… નીકળી …… ગઈ …… છે. ……

## વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ (Creative Activities)

વાત કરો —

તમારા દાદા-દાદી સાથે વાત કરો અને તેમને પૂછો કે તેઓ તેમના બાળપણમાં કઈ

- કઈ રમતો રમતા હતાં ?